**આંક–૫ ની દરમ્યાન મનાઈ અરજી લગત હુકમ:–**

(૧) અરજી વંચાણે લીધી. પ્રતિવાદી તરફે રજુ કરવામાં આવેલ લેખિત જવાબ વંચાણે લીધો. પક્ષકારો તર્ફે વિ.વ.શ્રીને સાંભળ્યા.

(૨) સદર કામે વાદીઓ તરફે પોતાની અરજીના સમર્થનમાં અરજી મુજબની રજુઆત કરી મુખ્યત્વે એવી રજુઆત કરેલી છે કે, દાવાવાળી મિલકત વાદીઓ અને પ્રતિવાદીઓની સંયુકત માલીકીની છે અને આ મિલકત પ્રતિવાદીનં.૧ થી ૮ ના કબજામાં રહેલી છે. આ કામના વાદીઓએ પોતાનો હિસ્સો પ્રતિવાદીઓને જણાવતાં તેઓએ ઈનકાર કરેલ હોઈ અને હાલમાં પ્રતિવાદીઓ દાવાવાળી મિલકત અન્ય ઈસમોને ટ્રાન્સફર કરવાનો પ્રયત્ન કરી રહેલ હોઈ દાવાના આખરી નીકાલ સુધી પ્રતિવાદીઓને તેમ કરતા અટકાવવા જરૂરી હોઈ તેમજ હાલના કામે પ્રતિવાદીઓ તર્ફે દાવાનો જે લેખીત જવાબ રજુ કરવામાં આવેલ છે તેમાં આ કામના વાદીઓ દાવાવાળી મિલકતના સહમાલીક ન હોવાનો બચાવ લેવામાં આવેલ નથી અને ચાલુ દાવા દરમીયાન આ કામના પ્રતિવાદીઓ દાવાવાળી મિલકત અન્ય કોઈને ટ્રાન્સફર/તબદીલ કરે તો વાદીઓના દાવાનો કોઈ અર્થ ન રહે. આમ, વાદીનો પ્રથમદર્શનીય કેસ છે. બેલ ેન્સ ઓફ કન્વીનીયન્સ વાદીઓના લાભમાં છે. હાલની અરજ મંજુર કરવામાં ન આવે તો વાદીઓને નાણાથી ભરપાઈ ન થાય તેવુ નુકસાન જાય તેમ હોઈ હાલની અરજ મંજુર કરવા રજુઆત કરેલ છે.

પ્રતિવાદીઓ તર્ફે વિ.વ.શ્રી ધ્વારા પોતાના લેખીત જવાબ ઉપરાંત મુખ્યત્વે એવી રજુઆત કરવામાં આવેલ છે કે, આ કામના વાદીએ આ અદાલત સમક્ષ ખોટી હકીકતો આધારે દાવો દાખલ કરેલ છે. ખરેખર વાદીઓ દાવાવાળી મિલકતના સહમાલીક હોવાનો ઈનકાર નથી અને દાવાવાળી મિલકતનો કબજો પ્રતિવાદીઓ પાસ ે હોવાની હકીકત વાદીઓએ પોતે સ્વીકારેલ છે અને વાદીઓ દાવો કરવામાં જે કારણ દર્શાવેલ છે તે તદ્દન ખોટુ ઉપસ્થિત કરેલ છે. ખરેખર પ્રતિવાદીઓ દાવાવાળી મિલકત

બાબતે કોઈ વ્યવહાર કરેલ નથી કે વાદીઓએ વહેંચણી માટેની કોઈ માંગણી કરેલ હોય અને તેમાં પ્રતિવાદીઓએ ઈનકાર કરેલ હોય તેવુ પણ બનેલ નથી. આ તમામ હકીકત વાદીએ અદાલત સમક્ષ છુપાવીને હાલનો દાવો કરેલ હોઈ વાદીનો દાવા ટકવાપાત્ર ન હોઈ વાદીની હાલની મનાઈ અરજ ના–મંજુર કરવા રજુઆત કરેલ છે.

(૩) ઉપરોકત હકીકતે સદર અરજીના નિર્ણય અર્થે નીચે મુજબનાં મુદ્દા ઉપસ્થિત થાય છે.

–: **<u>મુદ્દા</u>** :–

(૧) શું વાદી પોતાનો પ્રથમ દર્શનીય કેસ હોવાનું પુરવાર કરે છે ?

(૨) શું સગવડતા–અગવડતાની સમુતલા વાદીની તરફેણમાં છે ?

(૩) શું વાદીને માંગ્યા મુજબનો મનાઈ હુકમ આપવામાં ન આવે તો વાદીને નાણાંથી વસુલ ન થઈ શકે તેવું નુકસાન થાય તેમ છે ?

(૪) શું હુકમ ?

(૪) ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણયો નીચે મુજબ છે:–

મુદ્દા નં–૧ હકારમાં.

મુદ્દા નં–૨ હકારમાં.

મુદ્દા નં–૩ હકારમાં.

મુદ્દા નં–૪ આખરી હુકમ મુજબ.

**–: <u>કા ર ણો</u> :–**

(૫) **<u>મુદ્દા નં. ૧</u>** :–

હાલના કામે વાદીનો દાવો વંચાણે લેવામાં આવે તો આ કામના વાદીએ એવુ કથન કરેલ છે કે, દાવાવાળી મિલકત વાદીઓ તથા પ્રતિવાદીઓની સંયુકત માલીકી કબજા ભોગવટાની મિલકત રહેલ છે અને આ મિલકતના મુળમાલીક ગોવીંદભાઈ ગોદળભાઈ હતા અને આ કામે વાદીઓ અને પ્રતિવાદીઓ તેઓના કાયદેસરના વારસો છે અને રેવન્યુ દફતરે દાવાવાળી મિલકત વાદીઓ અને પ્રતિવાદીઓના સંયુકત નામે ચાલે છે. હાલમાં આ મિલકતનો કબજો પ્રતિવાદીનં.૧ થી ૮ પાસે રહેલ છે અને તેઓ તેમાં ખેતી કરીને ઉત્પન્ન લેતા આવેલ છે. વાદીઓએ દાવાવાળી મિલકતમાંથી પોતાનો હિસ્સો અલગ કરવા માંગણી કરતાં પ્રતિવાદીઓએ ઈનકાર કરેલ અને પ્રતિવાદીઓએ દાવાવાળી મિલકત અન્ય ઈસમોને ટ્રાન્સફર–તબદીલ કરવા પ્રયત્ન કરેલ હોઈ હાલનો દાવો કરવાનુ અને ચાલુ દાવા દરમીયાન પ્રતિવાદીઓ મિલકત ટ્રાન્સફર–તબદીલ કરી નાખે તો વાદીના દાવાનો કોઈ અર્થ ન રહે, જેથી દરમીયાન મનાઈ અરજ આપેલ છે. વાદી તર્ફે પોતાના કેસના સમર્થનમાં આંક–૪ ના લીસ્ટથી કુલ ૩ દસ્તાવેજી આધારો રજુ કરેલ છે.

હાલના કામે પ્રતિવાદીઓ તર્ફે આંક–૧૧ થી લેખીત જવાબ રજુ કરવામાં આવેલ છે, જેમાં વાદીના દાવાની તમામ હકિકતોનો ઈનકાર કરી દાવાવાળી મિલકતમાં વાદીઓનો કોઈ હકકહિત સમાયેલ તે હકિકતનો ઈનકાર કરેલ છે તથા વાદીએ ખોટી હકિકતો આધારે દાવો દાખલ કરેલ હોઈ વાદીનો દાવો ટકવાપાત્ર ન હોઈ દરમીયાન મનાઈ અરજ રદ કરવા રજુઆત કરેલ છે.

હાથ ઉપરના કેસમાં બંને પક્ષકારોનુ પ્લીડીંગ, રજુઆત તથા બંને પક્ષે રજુ કરવામાં આવેલ દસ્તાવેજી આધારે વંચાણે લેવામાં આવે તો એ હકીકત સ્વીકૃત છે કે, વાદી તર્ફે જે દસ્તાવેજી આધારો રજુ કરવામાં આવેલ છે તે વંચાણે લેવામાં આવે તો તે હકિકત સ્વીકૃત છે કે, દાવાવાળી મિલકત રેવન્યુ દફતરે વાદીઓ અને પ્ર તિવાદીઓના સંયુકત નામે ચાલે છે, પ્રતિવાદીઓ તર્ફે આ દસ્તાવેજી આધારોનુ ખંડન

કરતી કોઈ હકીકત રેકર્ડ પર લાવવામાં આવેલી નથી. પ્રતિવાદીઓ તર્ફે વાદીઓનો દાવાવાળી મિલકતમાં હકકહિસ્સો ન હોવાનુ કથન કરવામાં આવેલ છે. પરંતુ રેવન્યુ રેકર્ડમાં વાદીઓ અને પ્રતિવાદીઓના સંયુકત નામ ચાલતા હોવાની હકીકત પણ સ્વીકૃત છે. આ ઉપરાંત એ હકિકત સ્વીકૃત છે કે દાવાવાળી મિલકતનો કબજો વાદીના પોતાના સ્વીકાર મુજબ પ્રતિવાદીનં.૧ થી ૮ પાસે રહેલ છે અને વાદીની મનાઈ અરજની દાદ વંચાણે લેવામાં આવે તો આ કામના પ્રતિવાદીઓને દાવાવાળી મિલકત ટ્રાન્સફર–તબદીલ કરતા અટકાવવાની દાદ માંગેલ છે. આમ, વાદી તર્ફે રજુ દસ્તાવેજી આધારો તેમજ બંને પક્ષોના પ્લીડીંગ ધ્યાને લેતાં વાદી પોતાનો પ્ર થમદર્શનીય કેસ હોવાની હકિકત પુરવાર કરવામાં સફળ થતા આ અદાલતનુ માનવુ છે. આથી, મુદ્દાનં.૧ નો નિર્ણય નકારમાં આપવામાં આવે છે.

(૬) **<u>મુદ્દા નં. ૨ તથા ૩</u>** :–

સદર બન્ને મુદ્દા એકબીજા સાથેસંકળાયેલા હોઈ હકીકતોનું પુનરાવર્તન ટાળવા બન્ને મુદ્દાઓની ચર્ચા એક સાથે કરવામાં આવેલ છે.

(૭) સદર કામે બેલેન્સ ઓફ કન્વીનીયન્સ બાબતે વિચારણા કરવામાં આવે તો તે પ્રતિવાદીઓ કરતાં વાદીઓના લાભમાં વધુ રહેલ છે. કારણ કે, દાવાવાળી મિલકત પક્ષકારોની સંયુકત માલીકીની છે અને હાલની અરજ મંજુર કરવાથી પ્રતિવાદીઓને કોઈ નુકસાન થાય તેમ નથી. કારણ કે, રેવન્યુ દફતરે વાદીઓ અને પ્રતિવાદીઓના સંયુકત નામો ચાલી રહેલ છે. જેથી પ્રતિવાદીઓ એકલા દાવાવાળી મિલકત વેચાણ કરી શકે તેવી સ્થિતિમાં નથી અને પ્રતિવાદીઓ દાવાવાળી મિલકતનો કબજો ધરાવતા હોઈ ખેતી કરી ઉપજ લેતા આવેલ છે. હાલની અરજ નામંજુર કરવામાં આવે અને પ્રતિવાદીઓ દાવાવાળી મિલકત અન્ય ઈસમોને ટ્રાન્સફર–તબદીલ કરે તો વાદીઓના દાવાનો કોઈ અર્થ ન રહે અને જો તેમ થાય તો વાદીઓને જે નુકસાન થાય તેનુ નાણાંમાં મુલ્યાંકન થઈ શકે તેમ નથી. આમ, વાદી મુદ્દાનં.૨ તથા ૩ પુરવાર

કરવામાં સફળ થતા હોવાનુ આ અદાલતનુ માનવુ છુ. જેથી મુદ્દાનં.૨, ૩ નો નિર્ણય હકારમાં આપી, મુદ્દાનં.૪ પરત્વે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**-: હુ ક મ :-**

- વાદીઓની આંક-૫ ની મનાઈ અરજ આથી મંજુર કરવામાં આવે છે.
- આ કામના પ્રતિવાદીઓએ પોતે જાતે અથવા અન્ય ઈસમો મારફતે દાવાવાળી મિલકત અન્ય કોઈને ટ્રાન્સફર-તબદીલ કરવી કરાવવી નહી અને અન્ય કોઈનો હકકહિસ્સો ઉત્પન્ન કરવો નહી તેવુ વાદીઓના લાભમાં અને પ્રતિવાદીઓની વિરૂઘ્ધ મનાઈ હુકમ ફરમાવવામાં આવે છે.
- વધુમાં સ્પષ્ટતા કરવામાં આવે છે કે દાવાવાળી મિલકતનો કબજો પ્રતિવાદીઓ પાસે રહેલ છે.
- અરજીનો ખર્ચ દાવાના આખરી પરીણામને અનુસરશે.

આ હુકમ આજ તા. **૦૪** થી માહે **જાન્યુઆરી,** સને **૨૦૨૩** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૦૪/૦૧/૨૦૨૩
સમી.

**( ડી. એલ. ઠાકોર )**
પ્રિન્સીપાલ સીનીયર સીવીલ જજ,
સમી.
UIC No.GJ 00893